RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે યોજાયેલ ઓપન હાઉસમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ...

તાજેતરમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના ઉધોગોના વિકાસની સાથે પર્યાવરણની જાળવણી સુચારૂ રૂપે થઈ શકે તે માટે ઉધોગોના પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે તા.૩-૩-૨૦૨૪ ના રોજ શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન ઓડિટોરીયમ હોલ ખાતે ગુજરાત રાજયના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અનેપર્યાવરણ, કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા તથા ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા ઉપસ્થિત રહેલ.

આ ઓપન હાઉસમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિવિધ એસોસીએશનોને સાથે રાખી વિવિધ પ્રશ્નોની રજુઆતો ધ્યાને મુકવામાં આવેલ હતી. જેમાં ખાસ કરીને વિવિધ કેટેગરીના ઉધોગોને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડમાંથી લાયસન્ચ મેળવવામાં ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે ત્યારે આવા ઉધોગોને વધારાની કોઈપણ જાતની પેનલ્ટી ફી વસુલ કર્યા વગર રેગ્યુલાઈઝ કરવા તેમજ વિવિધ ઉધોગો માટે જગ્યાનાં સાઈટીંગ ક્રાઈટેરીયામાં પણ ઉધોગોને અનુરૂપ ફેરફાર કરવા ખાસ માંગણી મુકવામાં આવેલ હતી. માનનીય મંત્રીશ્રીએ ઓપન હાઉસમાં રજુ કરાયેલ પ્રશ્નો અંગે હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ હતી તેમજ વિવિધ જગ્યાઓ પર વધુમાં વધુ વૃક્ષારોપણ થકી પર્યાવરણની જાળવણી કરવા ખાસ જણાવેલ હતું.

આ તકે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી મુળુભાઈ બેરા, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, જીપીસીબીના મેમ્બર સેક્રેટરી અને ચેરમેનશ્રીનું સન્માન સાથે આભાર વ્યકત કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.